**ક્રિમીનલ કેસ નં. ૭૨૬૩/૨૦૨૦**

## // આંક–૧ લગત હુકમ //

ફરિયાદીની પુરશીશ વંચાણે લીધી. ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદ આઈસર ગાડી જેનો રજી. નંબર જી. જે. ૦૬ એ. ટી. ૫૬૮૨ ની ચોરી કરી લઈ જઈ આરોપી નં. ૨ ના ગામની બાજુમાં આવેલ ગામ આંબીની સીમમાં આઈસર ગાડી બીનવારસી મુકી ગયેલ હોવાની કરવામાં આવેલ હતી. ફરિયાદી તેમની પુરશીશમાં જણાવ્યા મુજબ સદર ફરિયાદ આગળ ચલાવવા ઈચ્છતા ન હોવાનું જણાવી હાલની ફરિયાદ માંડી વાળવા અરજ ગુજારેલ છે.

વધુમાં નામ. ગુજરાતની વડી અદાલત ધ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે જે પરિપત્ર નં..૨૬૧૯/૨૦૧૬, જેમા નામ. ગુજરાતની વડી અદાલત ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ મુજબ આરોપીની ગેરહાજરીમાં પણ જો ફરિયાદી અગર ઈજા પામનાર ઈસમ સમાધાન કરવા ઈચ્છતા હોય તો તેવુ સમાધાન થઈ શકે છે.

હાલનો કેઈસમાં ઈ.પી.કો. કલમ–૩૭૯, ૧૧૪ અન્વયેની કલમ લગાડવામાં આવેલ છે. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ અન્વયે ઈ.પી.કો.કલમ–૩૭૯, ૧૧૪ સમાધાનને પાત્ર ગણવામાં આવેલ છે. હાલનો કેસ ફરિયાદી કોઈપણ શરત વગર સમાધાન કરવા માંગતા હોય, સમાધાન બાબતેની પુરશીશ આપવામાં આવેલ છે.

ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાતની વડી અદાલતના પરિપત્ર ને ધ્યાને લેતાં આવા કેસોમાં સમાધાનકારી વલણ અપનાવી સમાધાનથી પરત ખેંચી શકાય તેમ હોય, હાલના સમાધાનની પુરશીશ આધારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનું ન્યાયોચિત જણાઈ આવતું હોય આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

## // હુકમ //

**(૧)** આરોપી (૧) રમેશ ઉર્ફે રામુ લવમહારાજ મિશ્રા રહે. મઢીસુરાલી ગામ, માર્કેટયાર્ડની પાછળ

તા. બારડોલી જી. સુરત (૨) દશમ ભીખલાભાઈ તોમર રહે. કુહા ગામ, લુહાર ફળીયુ, તા.કઠીવાડા જી. અલીરાજપુર(મધ્યપ્રદેશ)નાઓને આથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૨)** ફરિયાદીનો મુદ્દામાલ આઈસર ગાડી જેનો રજી. નંબર જી. જે. ૦૬ એ. ટી. ૫૬૮૨ બાબતે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવો અને જો ન કરવામાં આવેલ હોય તો ત.ક. અમલદારે માલીકીની ખરાઈ કરી કાયમી ધોરણે મુદ્દામાલ સુપ્રત કરવો અને તેનો વિગતવારનો રીપોર્ટ અત્રેની અદાલતમાં કરવો.

**હુકમ આજરોજ તા. ૧૦ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.**

તારીખ : ૧૦/૦૭/૨૦૨૧
વડોદરા.

(દિપેશકુમાર મધુસુદન ચાંપાનેરીયા)
બીજા અધિક સીવીલ જડજ અને જ્યુ. મેજી. ફ. ક.,
વડોદરા. કોડ નંબર જી. જે. ૦૧૧૭૭

ડી. આર. વારકે